## જન્મદિને વધામણી

નરેન્દ્રભાઈ એલ મંડિર
સભ્ય
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા

ઓમ કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮

શિવાદિત્ય અભિષેક ધવન

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# બાયોમેડિકલ કચરાનું વ્યવસ્થાપન વિકસાવવા યુનિડોએ ગાંધીનગર જિલ્લાની પસંદગી કરી

ગાંધીનગર, તા. ૧૫

બાયોમેડિકલ વેસ્ટનો કાયદો સમગ્ર દેશમાં પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ના નિયમોરૂપે અમલમાં છે. બાયોમેડિકલ કચરાના યોગ્ય નિકાલમાં ખામીઓને કારણે અસાધ્યરોગો સહિતની બીમારીઓથી લોકો પીડાઈ શકે છે. આ મહત્વની બાબતની ગંભીરતાને અનુલક્ષીને 'યુનિડો'ના ટૂંકા નામથી ઓળખાતી આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા જીઈએફ- ગ્લોબલ એન્વિરોન્મેન્ટ ફેસિલિટી, ભારત સરકારના પર્યાવરણ વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય ભારતના પાંચ રાજ્યોમાં બીએમડબ્લ્યૂથી જાણીતા ઉપરોક્ત કાયદાના સુચારૂ અમલીકરણ માટે ટ્રેનિંગ કમ્પોનન્ટ ઓફ ધ પ્રોજેક્ટ - ' એન્વિરોન્મેન્ટલી સાઉન્ડ મેનેજમેન્ટ ઓફ મેડિકલ વેસ્ટ ઈન ઈન્ડિયા' હાલમાં ગુજરાત સહિત પંજાબ, ઓરિસા, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાં અમલ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાતના કિસ્સામાં ગાંધીનગર જિલ્લાને મોડલ કે આદર્શ જિલ્લા તરીકે બાયોમેડિકલ વેસ્ટના નિયમોના સુચારૂ અનુપાલન માટે પસંદ કરવામાં આવેલ છે. આ અંગે બાયોમેડિકલ કચરાની સમગ્ર પ્રક્રિયા સાથે જોડાયેલ હોસ્પિટલ- હેલ્થ કેર યુનિટના તમામ લોકો, બીએમડબ્લ્યૂ ફેસિલિટીના સંચાલકો, વગેરે માટે ટ્રેનિંગ મેન્યૂઅલ અને ટ્રેનર્સ બેન્ગલૂરૂ સ્થિત એમ.એસ. રામૈયા મેડિકલ કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યૂનિટિ મેડિસિન દ્વારા તૈયાર કરાયો છે.

વળી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિયમોની સમજૂતિ માટે બોર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશ ઠાકર લિખિત 'જૈવિક તબીબી કચરા નિયમો-૨૦૧૬ માર્ગદર્શિકા' પ્રસિદ્ધ કરી છે. આ પ્રોજેક્ટ હેઠળ તાજેતરમાં તારીખ ૬ અને ૭મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ અનુક્રમે ગાંધીનગર જિલ્લાની પંસદ કરાયેલ હોસ્પિટલ અને પબ્લિક હેલ્થ સેન્ટરના સ્ટાફ તેમજ એડમિનિસ્ટ્રેટર્સ માટે તાલીમ કાર્યક્રમ સંપન્ન થયો છે. જેમાં, ગાંધીનગર સિવીલ હોસ્પિટલ, અપોલો હોસ્પિટલ, અક્ષર હોસ્પિટલ, આનંદ હોસ્પિટલ, પીએચસી- અડાલજ, વગેરેને આવરી લેવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જીપીસીબીના સભ્યસચિવ કે.સી. મિસ્ત્રી, ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના એસક્યૂએ અધિકારી ડૉ. જે.એલ. મીના, રામૈયા મેડિકલ કોલેજની ટીમના ડૉ. શ્રીમતી સાલિની નૂઇ, ડૉ. એસ. પૃથ્વિશ, ડૉ. પ્રિયદર્શિની, ડૉ. દિનેશ રાજારામે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકરે રિસોર્સ પર્સન તરીકે કાર્યક્રમનું બન્ને દિવસે સંચાલન કર્યું હતું. વળી, આ કાર્યક્રમનું સંકલન જીપીસીબીના બાયોમેડિકલ યુનિટના હેડ સિનીયર પર્યાવરણ ઈજનેર પી. જે. વાછાણીની દેખરેખ હેઠળ બી.એમ. મકવાણા, સિનીયર વૈજ્ઞાનિક અધિકારી સંકલન કર્યું હતું.

## સ્વાઈન ફ્લુ સામે સંરક્ષણ અર્થે પ્રેરણા વિદ્યાલય દ્વારા આજે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૫

સ્વાઈન ફ્લુ સામે રક્ષણ મેળવવા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવાનો કાર્યક્રમ આજે પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ એ દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. આ અંગેની એક અખબારી યાદીમાં પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૧૬ સપ્ટેમ્બર ને શનિવારના રોજ સવારે ૯.૩૦થી ૧૧.૩૦ દરમિયાન પ્રેરણા વિદ્યાલય ખાતેથી આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

વિદ્યાલયના બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ ઉપરાંત વસાહતીઓને પણ આ ઉકાળાનું વિતરણ વિનામૂલ્યે કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા વસાહતીઓને વિદ્યાલય તરફથી તેમણે અનુરોધ કર્યો છે.

# બાપુ નોલેજ વિલેજ ખાતે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર પાસેના વાસન ખાતેની બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં આજે એન્જિનિયરીંગ, ફાર્મસી, બી.એસ.સી. તથા કાયદાના વિવિધ અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે નવસંસ્કરણ સમારોહની સાથે સંસ્થામાં પ્રથમ ક્રમાંક મેળવેલા વિદ્યાર્થીઓનો અભિવાદન સમારોહ અને સંસ્થાના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

આ સમારોહના અધ્યક્ષસ્થાને બાપુ ગુજરાત નોલેજ વિલેજના સ્વપ્રદેસ્ટા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના મુખ્ય મહેમાન તરીકે ડૉ. પ્રગ્નાબેન ડાભી, સુનિલ એમ્રોઝ, જોસેફ એમ્રોઝ, નીતલ ઝવેરી તથા ડૉ. સ્નેહલ પ્રજાપતિ હાજર રહ્યા હતા. આ ઉપરાંત બાપુ ગુજરાત નોલેજ વિલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, બાપુ ગુજરાત નોલેજ વિલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. રવિકુમાર, કેમ્પસમાં આવેલ વિવિધ કોલેજના પ્રિન્સિપાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહની શરૂઆતમાં સંસ્થાના ડાયરેક્ટર ડૉ. રવિકુમારે કેમ્પસનો અહેવાલ રજુ કરી સંસ્થાના નીતિનિયમો વિષે વાત કરી હતી. ત્યારબાદ સંસ્થાનં મેગેઝીન 'ઈનોવેટ એન્ડ એક્સપ્લોર'નું વિમોચન કર્યું હતું. સમારોહના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલા ડૉ. પ્રજ્ઞાબેન ડાભીએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ બાહ્ય દેખાવ કરતા પોતામાં રહેલી આંતરિક શક્તિને ઓળખી તેમને પૂર્ણ રીતે ખીલવાની તક આપવી જોઈએ. જોસેફ એમ્રોઝ તથા સુનીલ એમ્રોઝે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીને હકારાત્મક વલણ અપનાવવા તથા ખંતથી મહેનત કરવા પર ભાર મુક્યો હતો. નીતલ ઝવેરી અને ડૉ. સ્નેહલ પ્રજાપતિએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ કૌશલ્ય તથા ગુણવત્તા આપતા અભ્યાસ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. સ્નેહલ પ્રજાપતિએ ફાર્મસીના અભ્યાસ બાદ વિદ્યાર્થીને મળનારી વિવિધ તકો વિષે માહિતી આપી હતી.

સમારોહના અંતમાં અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ પોતાની સરળ અને સાહજિક ભાષામાં વિદ્યાર્થીઓને ભાર વગરના ભણતર પર ભાર મુકી કૌશલ્ય વિકાસ અને અભ્યાસમાં ગુણવત્તા લાવવાનું આહવાન કર્યું હતું. સમગ્ર સમારોહને સફળ બનાવવા સંસ્થાના સમગ્ર સ્ટાફ મિત્રોએ તથા સંસ્થામાં રહેલી દરેક કોલેજના આચાર્યોએ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર જિલ્લામાં સાંતેજ ખાતેની બેંક ઓફ ઈન્ડિયા શાખા દ્વારા 'હિન્દી માસ' અંતર્ગત પ્રાથમિક શાળામાં યોજવામાં આવેલ કાર્યક્રમનો બેંકના રાજભાષા અધિકારી અશોક ઝાએ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શાખા પ્રબંધક લવલી ખંડેલવાલે બેંકના ૧૧૧ વર્ષ પૂર્ણ થતા હોઈ ૧૧૧ ખાતેદારોને ડિઝીટલ બેંકિંગથી સાક્ષર કરાવવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યાનું જાહેર કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ૮૦ થી વધુ બાળકો અને ૩૦થી વધુ ગ્રામજનોને બેંક સ્ટાફ દ્વારા ડિઝીટલ બેંકિંગથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્યા શ્વેતલ પ્રજાપતિએ આભાર દર્શન વ્યક્ત કર્યું હતું.

## જિલ્લા ખેલ મહાકુંભની ટેક્વોન ડો સ્પર્ધામાં મહર્ષિ અત્રિ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૧૫

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પિપળજ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ટે-ક્વોન-ડો સ્પર્ધા યોજાઈ હતી, જેમાં શાળાના વિદ્યાર્થી રાજવર્ધનસિંહ ઈન્દ્રસિંહ ઝાલા, દર્શન રાજેશભાઈ ઠુમ્મરે પ્રથમ ક્રમનું અને પાર્થ અરવિંદભાઈ ચૌધરીએ દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આચાર્ય દ્વારા બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવાયા હતા.

# સરકારી વિનયન કૉલેજ ખાતે ઈતર પ્રવૃત્તિઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિનયન કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે અભ્યાસની સાથોસાથ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે ગીત, સંગીત, ફાઈન આર્ટ્સ અને વક્તૃત્ત્વ સ્પર્ધા પૂરજોશમાં ચાલી રહી છે. હાલમાં જ કલા મહાકુંભમાં આ કૉલેજના વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાએ સમૂહગાન સ્પર્ધામાં દ્વિતિય, લાઈટ વોકલ ઈન્ડિયન સોલોમાં દ્વિતિય અને એકપાત્રીય અભિનયમાં તૃતિય સ્થાને વિજેતા બન્યા છે. સમૂહગાનમાં દર્શક છાયા, દર્શન છાયા, અભિષેક પંડ્યા અને જય પારેખે ભાગ લીધો હતો. લાઈટ વોકલ ઈન્ડિયન સોલોમાં રોનક મકવાણા અને એકપાત્રીય અભિનય સ્પર્ધામાં હિતાર્થ શ્રોત્રિયએ ભાગ લીધો હતો. આ ઉપરાંત તાજેતરમાં આયોજિત ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવમાં પણ આ કૉલેજના વિદ્યાર્થી હરીન દોચાણી ઑન ધ સ્પૉટ પેઈન્ટીંગમાં પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા.

આ તમામ વિદ્યાર્થીઓને આચાર્ય તથા સમગ્ર કૉલેજ પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સૂર્યકિરણો હેઠળની તમામ જીવસૃષ્ટિ માટે કાળજી લઈએ

વર્ષ ૧૯૮૭માં ૧૬મી સપ્ટેમ્બરના રોજ, યુએનની સામાન્ય સભામાં ઓઝોનપડને હાનિ પહોંચાડતા ઓડીએસ પદાર્થો વિષયક મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં સહમતી-દર્શક હસ્તાક્ષર કર્યા હતા. આ ઘટનાની સ્મૃતિરૂપે વર્ષ ૧૯૯૪માં, યુએન દ્વારા ૧૬મી સપ્ટેમ્બરના દિનને 'ઓઝોનપડ જાળવણી આંતરરાષ્ટ્રીય દિન' તરીકે જાહેર કરવાનો ઠરાવ (૪૯/૧૧૪) પસાર કર્યો.

ઓક્સિજનના ત્રણ પરમાણુંઓ ધરાવતું ઓક્સિજનનું જ ઓઝોન વિશેષ સ્વરૂપ છે. હવા સાથે ઓક્સિજન આપણે શ્વાસમાં લઈએ છીએ. આ ઓક્સિજન પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિની જીવાદોરી છે. પૃથ્વીના વાતાવરણમાં ઓઝોન નહીંવત્ પ્રમાણમાં છે, પરંતુ તેની હાજરી માનવ જીવનની સુખાકારી માટે અત્યંત જરૂરી છે. ઓઝોનનો મોટાભાગનો જથ્થો પૃથ્વીની સપાટીથી આકાશ તરફ દસથી ચાલીસ કિલોમીટરના આવરણમાં હોય છે. પૃથ્વીનો આ ભાગ સ્ટ્રેટોસ્ફિયર તરીકે ઓળખાય છે. આ ભાગના વાતાવરણમાં અંદાજે નેવું ટકા ઓઝોનનો હોય છે. સ્ટ્રેટોસ્ફિયરમાં રહેલ ઓઝોન સૂર્યકિરણોના બાયોલોજીકલ હાનિકારક અલ્ટ્રાવાયોલેટ ઉત્સર્જનને શોષી લે છે.

ઓઝોનના આ લાભદાયી ગુણધર્મને કારણે સ્ટ્રેટોસ્ફિયરિક ઓઝોન 'સારા' ઓઝોન તરીકે ગણાય છે. પરંતુ, તેની વિપરીત પરિસ્થિતિમાં, પૃથ્વીની સપાટી નજીક પ્રદૂષકોને કારણે નીપજતો વધારાનો ઓઝોન માનવ, વનસ્પતિ, તેમજ પ્રાણીને હાનિકારક હોય, તેવા ઓઝોનને 'ખરાબ' ઓઝોન કહે છે. અલબત્ત, પૃથ્વીની સપાટી તેમજ તેની નજીકના વાતાવરણમાં કુદરતીરીતે બનતો ઓઝોન વાતાવરણમાં રહેલ પ્રદૂષકોનું મારણ કરે છે. 'બ્રિટિશ એન્ટાર્કિટક સર્વે'ના સંશોધનનો લેખ માહે મે ૧૯૮૫માં પ્રસિદ્ધ થયો હતો. ત્યારથી, એન્ટાર્કિટક ઉપર જણાયેલ ઓઝોનપડમાં થયેલ ઘટાડાની ઘટનાને 'ઓઝોન હોલ' કે 'ઓઝોનપડમાં ગાબડું' તરીકે ઓળખાય છે, અને સદર શબ્દસમૂહ નોબલ પ્રાઈઝ વિજેતા શેરવૂડ રોલ્ન્ડને સમર્પિત કરાયો છે. ઓઝોનહોલની સેટેલાઈટ તસવીર પર્યાવરણીય ખતરારૂપ વૈશ્વિક સંજ્ઞા તરીકે બની છે. મોનટ્રીયલ પ્રોટોકોલ માટે જનસમર્થનને ગતિશીલ બનાવવામાં આ તસવીર સહાયક થઈ છે.



સામાન્ય વપરાશમાં લેવાતા કેમિકલ્સ ઓઝોનપડને અતિશય નુકશાન પહોંચાડતા હોવાનું જણાયું છે. હેલોકાર્બન્સમાં એક કે વધુ કાર્બનના પરમાણુંઓ, તેમજ એક કે એકથી વધુ હેલોજનના પરમાણુંઓ જેવા કે, ફ્લોરિન, ક્લોરિન, બ્રોમિન કે આયોડિન સાથે સંયોજીત થાય છે. ક્લોરિન કરતાં બ્રોમિન ધરાવતા હેલોકાર્બન્સમાં ઓઝોનપડને પાતળું કરવા કે નુકશાન કરવાની ક્ષમતા વધુ છે.

મિથાઈલ બ્રોમાઈડ, મિથાઈલ ક્લોરોફોર્મ, કાર્બન ટેટ્રાક્લોરાઈડ તેમજ હેલોન્સ તરીકે ઓળખાતા કેમિકલ્સસમૂહો, હેલોન્સ, એચસીએફસિસ—હાઈડ્રોક્લોરો-ફ્લોરોકાર્બન્સ અને સીએફસિસ-ક્લોરોફ્લોરો-કાર્બન્સમાંથી છૂટા પડતા મોટાભાગે ક્લોરિન અને બ્રોમિન પદાર્થો ઓઝોનપડને નુકશાન કરનાર માનવ સર્જિત કેમિકલ્સ ગણાય છે. નીચે દર્શાવેલ ચીજ-વસ્તુઓમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે.

ફોમ્સ: પોલીયુરઈથેન, ફિનોલિક, પોલીસ્ટેરીન અને પોલીઓલીફિન ફોમ પોલીમર્સની જુદી જુદી ઘણી પ્રોડક્ટ્સમાં ક્લોરોફ્લોરોકાર્બન્સનો વ્યાપક વપરાશ થાય છે.

હેલોન્સ: પોર્ટેબલ અગ્નિશામક સાધનોમાં હેલોન વપરાય છે.

હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સ: રેફ્રિજરેશન, ફોમ, સોલ્વન્ટ, એરોસોલ અને ફાયર ફાઈટિંગ ક્ષેત્રોમાં ક્લોરોફ્લોરોકાર્બન્સને બદલે વચગાળાના વિકલ્પ તરીકે ઉપયોગ થાય છે.

મિથાઈલ બ્રોમાઈડ: ખેતીવાડીમાં ફુમિગન્ટ તરીકે, મકાન-બાંધકામો અને ચીજ-વસ્તુઓના ભંડારોમાં પેસ્ટ-જીવજંતુઓનો નાશ કરવા તેમજ સંસર્ગનિષેધ-કોરેન્ટાઈન ટ્રિટમેન્ટમાં મિથાઈલ બ્રોમાઈડનો વ્યાપક વપરાશ થાય છે.

સોલ્વન્ટ્સ, કોટિંગ્સ અને અધેસિવ્સ: અગાઉ ઈલેક્ટ્રોનિક એસેમ્બલિ પ્રોડક્શન પ્રોસેસ, ચીવટ સભર સાફ-સફાઈ તેમજ ઉત્પાદન દરમિયાન ડ્રાઈ ક્લિનીંગ માટે ધાતુ કે મેટલ પરથી તૈલી ચીકણા પદાર્થોની સફાઈ કરવામાં ઉપરાંત, અન્ય ઔદ્યોગિક વપરાશમાં સોલ્વન્ટ્સ, કોટિંગ્સ અને અધેસિવ્સ તરીકે ક્લોરોફ્લોરોકાર્બન્સનો વપરાશ જરૂરી ગણાતો હતો.

વાતાવરણમાં ઓઝોનપડ પાતળું પડવા બાબતે વૈજ્ઞાનિક સમર્થન મળવાથી ઓઝોનપડની સુરક્ષાના પગલાં લેવા સહયોગ માટે વ્યવસ્થાતંત્ર ઊભું કરવા આંતરરાષ્ટ્રીય સમૂદાયોને પ્રોત્સાહન મળ્યું હતું. આથી, આંતરરાષ્ટ્રીય વીયેના ક્ન?વેશનમાં તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૭ના રોજ ૨૮ દેશોએ ઓઝોનપડની સુરક્ષા માટે કરારબદ્ધ થવા સહી કરી હતી. પરિણામે સપ્ટેમ્બર ૧૯૮૭માં, ઓઝોનપડને હાનિકારક પદાર્થો વિષયક મોન્ટ્રીયલ પ્રોટોકોલનો મુસદ્દો સાકાર પામ્યો હતો.

મોન્ટ્રીયલ પ્રોટોકોલ: મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં ઓઝોનપડની સુરક્ષા કરવા માટે ઓડીએસ-ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસ (ઓઝોનને હાનિકારક પદાર્થો)ની ઓળખ કરવી, તેના વૈશ્વિક કુલ ઉત્પાદન પર નિયંત્રણ કરવું તેમજ આખરે તેનું ઉત્પાદન સમયબદ્ધ તબક્કે બંધ કરાવવાનો ધ્યેય સામેલ કર્યો છે. મોન્ટ્રીયલ પ્રોટોકોલ દ્વારા લગભગ એકસોની આસપાસ ઓડીએસ પદાર્થોની ઓળખ કરવામાં આવી છે. અસ્થમા તેમજ શ્વાસોચ્છવાસની અન્ય તકલીફોની સારવાર માટે મિટર્ડ ડૉઝ ઈન્હેલરમાં, અથવા સબમરીન અને એરક્રાફ્ટમાં ઉપયોગી હેલોન ફાયર-સપ્રેશન સિસ્ટમમાં વપરાતા ઓડીએસના યોગ્ય વિકલ્પો શોધી શકાયા નથી. જેથી કેટલાંક અગત્યના જરૂરી થોડા ઓડીએસ હજી અપવાદરૂપ છે.

ઓઝોનપડની પરિસ્થિતિ: વાતાવરણમાં રહેલ ઓઝોન વાયુનું નાજુક કવચ સૂર્યકિરણો પૈકીના હાનિકારક ભાગ સામે પૃથ્વીનું રક્ષણ કરીને તેના પરની જીવસૃષ્ટિ ટકાવી રાખવામાં સહાયક બને છે. ઓડીએસનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાથી, ન કેવળ વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ માટે ઓઝોનપડની સુરક્ષા મદદરૂપ થયેલ છે, પરંતુ, ક્લાયમેટ ચેન્જ, માનવ સ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમ્સની સમસ્યાઓને હળવી કરવાના વૈશ્વિક પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન થયું છે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલનું અમલીકરણ : વિકસિત અને વિકાસશીલ દેશોમાં મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણની ઘણીસારી પ્રગતિ થઈ છે. ઓડીએસ બંધ કરવાની તમામ યોજનાઓનું અનુસરણ થયું છે. કેટલીક યોજનાઓનો અમલ સમય મર્યાદા અગાઉ પૂર્ણ થયો છે. સદર પ્રોટોકોલમાં હાંસલ થયેલ એકધારી પ્રગતિને ધ્યાને લઈને, વર્ષ ૨૦૦૩માં જ, યુએનના પૂર્વ મહાસચિવશ્રી કૉફી અન્નાને કહ્યું હતું કે, "આજની તારીખ સુધીમાં સફળ થયેલ 'ધ મોન્ટ્રીયલ પ્રોટોકોલ' કદાચ એક માત્ર આંતરરાષ્ટ્રીય કરાર છે."

તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ, ધ વિયેના કન્વેન્શન તેમજ ધ મોન્ટ્રીયલ પ્રોટોકોલને યુએનના ઈતિહાસમાં વિશ્વવ્યાપી બહાલી હાંસલ થયેલ હોય તેવા પ્રથમ કરાર તરીકે સ્થાન મળ્યું છે.

કિગલી એમેન્ડમેન્ટ: તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ કિગલી, રવાન્ડા ખાતે ઓડીએસ વિષયક મોન્ટ્રીયલ પ્રોટોકોલના સભ્યોએ હાઈડ્રોક્લોરો-ફ્લોરોકાર્બન્સને તબક્કાવાર ઘટાડવા માટે કરાર કર્યો છે.

સૂર્ય-કિરણો હેઠળની તમામ જીવસૃષ્ટિ માટે કાળજી લઈએ: વર્તમાન વર્ષે મોન્ટ્રીયલ પ્રોટોકોલના કરારના ૩૦મા વર્ષ નિમિત્તે, યુએનના ઓઝોન સચિવાલય દ્વારા ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૭ના દિવસને 'કેરિંગ ફોર ઓલ લાઈફ અન્ડર ધ સન' અર્થાત્ 'સૂર્ય-કિરણો હેઠળની તમામ જીવસૃષ્ટિ માટે કાળજી લઈએ' વિષયવસ્તુ હેઠળ વિશ્વ ઓઝોનદિને વાર્ષિક કાર્યક્રમોના ભાગ તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. તેમજ 'ઓઝોન હિરોઝ' ઝુંબેશ શરૂ કરી છે. જેમાં, ઓઝોનપડની સુરક્ષા તેમજ ક્લાયમેટ ચેન્જમાં હાંસલ થયેલ મોન્ટ્રીયલ પ્રોટોકોલની મહત્વની સિદ્ધિઓ અંકિત કરવામાં આવશે. સફળતાની જન સ્વીકૃતિમાં વધારો કરાશે. વધુમાં, વર્ષ ૨૦૧૬માં સ્વીકારેલા કિગલી એમેન્ડમેન્ટ હેઠળ મોન્ટ્રીયલ પ્રોટોકોલ તેમજ ક્લાયમેટ-વૉમિંગના પ્રતિકૂળ પરિબળ એવા એચએફસી-હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સને નવા લક્ષરૂપે તબક્કાવાર દૂર કરવા માટે વધુ સહયોગ મેળવવામાં આવશે.

આપણી આસપાસની અનુકૂળ જગ્યાઓમાં વૃક્ષ-વનરાજીની હરિયાળીમાં ઊમેરો કરવાનું અને તેની માવજત કરવાના ચાલુ રાખીએ, તેમજ ઈકો-ફ્રેન્ડલી જીવનશૈલીના સરળ રસ્તાઓ અપનાવીને સૂર્ય-કિરણો હેઠળની પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિ માટે કાળજી લઈએ.

**પ્રસંગસર**
નરેશ ઠાકર
nareshkthakar@gmail.com

## ડેઈલી કરંટ

દર્શન માર
95862 87447

(૧) ગુજરાતની મુલાકાતે આવેલા જાપાનનાં ફર્સ્ટ લેડી (વડાપ્રધાનનાં પત્ની)નું નામ શું છે?
(એ) એકી આબે
(બી) સિલુકી આબે
(સી) લીકુની આબે
(ડી) ચીનુકી આબે

(૨) તાજેતરમાં ભારતે કયા દેશ સાથે સિલ્ક ઉદ્યોગ માટે કરારો કર્યા છે?
(એ) અમેરિકા (બી) જાપાન
(સી) ફ્રાન્સ (ડી) બ્રિટન

(૩) સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે કયા દેશ સામે નવા પ્રતિબંધો જાહેર કર્યા છે?
(એ) સાઉદી અરબ (બી) પાકિસ્તાન
(સી) ઉત્તર કોરિયા (ડી) મ્યાનમાર

(૪) માસ્ટર બ્લાસ્ટ સચિન તેંદુલકર તાજેતરમાં મુંબઈ ખાતે કયું મિશન લૉન્ચ કર્યું છે?
(એ) મિશન-૨૧ (બી) મિશન-૨૨
(સી) મિશન-૨૪ (ડી) મિશન-૨૩

(૫) સિંગાપુરનાં પ્રથમ મહિલા પ્રમુખ પદે કોણ બિરાજ્યું છે?
(એ) હલીમાહ યાકોબ (બી) શકીન શેખ સૈયદી
(સી) શબાના બાનો પઠાણ (ડી) પરવીન બાનો ઝેહાદી

(૬) તાજેતરમાં કોસ્ટલ શિપિંગ ઍન્ડ ઈનલૅન્ડ વૉટર ટ્રાન્સપૉર્ટેશન બિઝનૅસ સમિટ કયા શહેરમાં યોજાઈ હતી?
(એ) દિલ્હી (બી) કોચી
(સી) મુંબઈ (ડી) ગાંધીનગર

(૭) અનસ્ટોપેબલ : માય લાઈફ સો ફાર પુસ્તક કોની આત્મકથા છે?
(એ) સેરેના વિલિયમ્સ (બી) વિનસ વિલિયમ્સ
(સી) મારીયા શારાપોવા (ડી) એના ઈવાનોવિક

(૮) બાલ્જન પુરસ્કાર જીતનારી ભારતીય મૂળની પ્રૉફેસરનું નામ શું છે?
(એ) સુજાતા સિંહ (બી) વિનીતા ભંડારકર
(સી) સીમા સિંહ (ડી) બીના અગ્રવાલ

(૯) રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા કોની જન્મ શતાબ્દિ નિમિત્તે રૂા. ૧૦૦ અને રૂા. ૧૦ના નવા ચલણી સિક્કા બહાર પાડી રહી છે?
(એ) રાજ કપૂર (બી) ડૉ. ઍમ ઍસ સુબ્બુ લક્ષ્મી
(સી) વી ડી સાવરકર (ડી) લતા મંગેશકર

(૧૦) ભારત સરકાર દ્વારા રોહિંગ્યા શરણાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલા અભિયાનનું નામ શું છે?
(એ) ઑપરેશન રોહિંગ્યા (બી) ઑપરેશન વિવેચના
(સી) ઑપરેશન મોહબ્બત (ડી) ઑપરેશન ઈન્સાનિયત